# बुलेट प्रोजेक्टः बिना ट्रेन रोके 3 घंटे में 1640 टन का बीम रखा



**अहमदाबाद** | साबरमती में मुंबई-अहमदाबाद बुलेट ट्रेन प्रोजेक्ट के तहत अहमदाबाद-दिल्ली मेन रेलवे लाइन पर सबसे भारी और अंतिम पोर्टल बीम 2200 टन की मॉडर्न क्रॉलर क्रेन से सिर्फ 3 घंटे में रखी गई। शहर में सभी 13 भारी पोर्टल बीम की लॉन्चिंग पूरी हुई। अहमदाबाद में 18 किमी लंबा वायाडक्ट व्यस्त रेलवे लाइन से गुजरता है। इसके लिए मणिनगर में 5, वटवा में 7 और साबरमती में 1 पोर्टल बीम डिजाइन किए गए थे। साबरमती में 1640 टन वजनी और 34.5 मीटर लंबा बीम बिना ट्रेन रोके 3 घंटे में लगाया। इस की लंबाई 34.5 मीटर है।

Rajasthan Patrika, Ahmedabad, 12/07/2026
Page No: 2, Size: 8.36cm × 15.64cm

### बुलेट ट्रेन प्रोजेक्ट: 13 भारी पोर्टल बीम स्थापित

# 1640 मीट्रिक टन वजनी सबसे भारी बीम तीन घंटे में स्थापित



साबरमती क्षेत्र में सबसे भारी बीम रेलवे लाइन के ऊपर स्थापित।

**अहमदाबाद @ पत्रिका.** अहमदाबाद-मुंबई बुलेट ट्रेन प्रोजेक्ट के तहत अहमदाबाद में सभी 13 भारी पोर्टल बीम को सफलतापूर्वक स्थापित कर दिया गया है। साबरमती में 1,640 मीट्रिक टन वजनी सबसे भारी और अंतिम बीम को रेलवे लाइन के ऊपर महज तीन घंटे में स्थापित कर लिया गया।

शहर में बुलेट ट्रेन का 18 किलोमीटर लंबा एलिवेटेड वायाडक्ट मौजूदा व्यस्त रेलवे लाइनों को पार करता है। इसके लिए विशेष रूप से 13 भारी पोर्टल बीम तैयार कर स्थापित किए हैं। इनमें मणिनगर में मुंबई-अहमदाबाद मुख्य रेलवे लाइन पर पांच, वटवा में मुंबई-अहमदाबाद मुख्य रेलवे लाइन पर सात तथा साबरमती में अहमदाबाद-दिल्ली मुख्य रेलवे लाइन पर एक पोर्टल बीम शामिल है। साबरमती में स्थापित अंतिम प्रीकास्ट-प्रेस्ट्रेस्ड पोर्टल बीम का वजन करीब 1640 मीट्रिक टन है, जो अहमदाबाद में लगाए गए सभी 13 पोर्टल बीमों में सबसे भारी प्रीकास्ट कंक्रीट पोर्टल बीम है। इसकी लंबाई 34.5 मीटर तथा क्रॉस-सेक्शन 5.5 मीटर गुणा 4.5 मीटर है। यह प्रोजेक्ट में उपयोग किए गए सबसे बड़े प्रीकास्ट पोर्टल बीमों में से एक है। इस विशाल बीम को रेलवे लाइन के ऊपर महज तीन घंटे में सफलतापूर्वक स्थापित कर दिया गया। बीम की लॉन्चिंग के लिए 2,200 मीट्रिक टन क्षमता वाली क्रॉलर क्रेन का उपयोग किया गया। पूरी प्रक्रिया के दौरान रेलवे परिचालन भी बिना किसी व्यवधान के जारी रहा।

Hamara Mahanagar, Mumbai, 11/07/2026
Page No: 2, Size: 14.79cm × 13.52cm

# अहमदाबाद–मुंबई हाई स्पीड रेल परियोजना के आरसीसी पोर्टल बीम का सफल प्रक्षेपण

**मुंबई।** अहमदाबाद–मुंबई हाई स्पीड रेल परियोजना के अंतर्गत साबरमती में एक और ऐतिहासिक उपलब्धि हासिल की गई है। पश्चिम रेलवे के अहमदाबाद मंडल क्षेत्र के साबरमती में सक्रिय रेलवे मेनलाइन के ऊपर अत्यंत जटिल एवं उच्च स्तरीय इंजीनियरिंग कार्य को सफलतापूर्वक अंजाम देते हुए 1,600 मीट्रिक टन वजनी विशाल प्रीकास्ट आरसीसी (RCC) पोर्टल बीम का मात्र 3 घंटे के निर्धारित ट्रैफिक एवं पावर ब्लॉक के दौरान सफल प्रक्षेपण किया गया। यह उपलब्धि भारतीय रेलवे के बुनियादी ढांचा निर्माण में तकनीकी उत्कृष्टता, सटीक योजना और सुरक्षित निष्पादन का उत्कृष्ट उदाहरण है। ऑपरेशन की मुख्य विशेषताएं: इस चुनौतीपूर्ण कार्य को बेहद सटीकता के साथ संपन्न किया गया।

**अभूतपूर्व सटीकता:** साबरमती में सक्रिय रेलवे मेनलाइन के ऊपर 34.5 मीटर x 5.5 मीटर x 4.5 मीटर के विशाल प्रीकास्ट पोर्टल बीम (वजनः 1,600 मीट्रिक टन) को मात्र 3 घंटे के सीमित 'ट्रैफिक और पावर ब्लॉक' के दौरान स्थापित किया गया।

**आधुनिक तकनीक:** इस भारी-भरकम कार्य को सुगम बनाने के लिए 2,200-टन की क्षमता वाले अत्याधुनिक 'क्रॉलर क्रेन' का उपयोग किया गया।

**शून्य व्यवधान** : पूरी प्रक्रिया अत्यंत सुरक्षित तरीके से संपन्न हुई। इस दौरान 'जीरो इंसिडेंट' (कोई दुर्घटना नहीं) सुनिश्चित किया गया और सबसे महत्वपूर्ण बात यह रही कि आम यात्री ट्रेन सेवाओं में कोई व्यवधान नहीं आया।

**समयबद्ध बहाली:** ऑपरेशन के तुरंत बाद रेलवे ट्रैक और ओवरहेड इक्विपमेंट (OHE) को निर्धारित समय सीमा के भीतर पूरी सुरक्षा और 'परफेक्ट एलाइनमेंट' के साथ बहाल कर दिया गया।

## Bullet Train Project: Launch of all 13 heavy portal beams in the city completed

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : શહેરમાં તમામ ૧૩ ભારે પોર્ટલ બીમનું લોન્ચિંગ પૂર્ણ

# સાબરમતી ખાતે ૧,૬૪૦ ટન વજનનું બીમ ૨૨૦૦ ટનની ક્રેનથી ૩ કલાકમાં ગોઠવાયું

### મણિનગર, વટવા, સાબરમતીના રેલવે ટ્રેક પર એલિવેટેડ વાયડક્ટની કામગીરી સંપન્ન

| અમદાવાદ |

દેશના પ્રથમ મહત્વકાંક્ષી મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટના નિર્માણમાં વધુ એક મોટી એન્જિનિયરિંગ સિદ્ધિ નોંધાઈ છે. સાબરમતી ખાતે અંતિમ અને સૌથી ભારે પોર્ટલ બીમના સફળ લોન્ચિંગની સાથે જ, ગુજરાતના અમદાવાદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેના તમામ ૧૩ ભારે પોર્ટલ બીમ સ્થાપિત કરવાનું કાર્ય પૂર્ણ થયું છે. શહેરમાંથી પસાર થતો ૧૮ કીમી લાંબો બુલેટ ટ્રેન વાયાડક્ટ હાલ ચોવીસે કલાક ધમધમતી પશ્ચિમ રેલવેની વ્યસ્ત મુખ્ય લાઈનોને એલિવેટેડ સ્તરે પાર કરે છે. આ અત્યંત જટિલ રેલવે ક્રોસિંગ માટે ૧૩ ભારે પોર્ટલ બીમનું ડિઝાઈન અને સ્થાપન કરાયુ છે જેમાં મણિનગર ખાતે મુંબઈ-અમદાવાદ મુખ્ય રેલવે લાઈન ઉપર ૫ પોર્ટલ બીમ, વટવા ખાતે



મુંબઈ-અમદાવાદ મુખ્ય રેલવે લાઈન ઉપર ૭ પોર્ટલ બીમ અને સાબરમતી ખાતે અમદાવાદ-દિલ્હી મુખ્ય રેલવે લાઈન ઉપર ૧ પોર્ટલ બીમનો સમાવેશ થાય છે. સાબરમતી ખાતે લોન્ચ કરાયેલો અંતિમ પ્રીકાસ્ટ-પ્રિસ્ટ્રેસ્ડ પોર્ટલ બીમ અંદાજે ૧,૬૪૦ મેટ્રિક ટન વજન ધરાવે છે, જે અમદાવાદમાં અત્યાર સુધી લોન્ચ કરાયેલા તમામ ૧૩ પોર્ટલ બીમોમાં સૌથી ભારે છે. ૩૪.૫ મીટરની લંબાઈ અને ૫.૫ મીટર હ ૪.૫ મીટરના ક્રોસ-સેક્શન ધરાવતા આ વિરાટ બીમનું લોન્ચિંગ કાર્ય એન્જિનિયરોની ટીમે માત્ર અંદાજે ૩ કલાકના સમયગાળામાં પુરુ કરી દીધુ હતું. આ કામગીરી કરવા માટે ૨,૨૦૦ મેટ્રિક ટનની પ્રચંડ ક્ષમતા ધરાવતી અત્યાધુનિક ક્રોલર ક્રેનની મદદ લેવાઈ હતી. મહત્વનું છે કે, બીમ લગાવવાની પ્રક્રિયા વખતે પણ તમામ રેલવે વ્યવહાર ચાલુ રહેવા પામ્યો હતો.

**Navgujarat Samay, Ahmedabad, 11/07/2026**
Page No: 2, Size: 26.46cm × 15.72cm

## All 13 heavy beams of the bullet train project launched in Ahmedabad

એન્જિનિયરિંગ ક્ષેત્રે અજાયબી | સાબરમતીમાં 1640 મે.ટનનો સૌથી વજનદાર બીમ ટ્રેક પર માત્ર 3 કલાકમાં ગોઠવાયો: ટ્રેન વ્યવહાર યથાવત્

# અમદાવાદમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટના તમામ 13 ભારે બીમનું લોન્ચિંગ

**નવગુજરાત સમય** > અમદાવાદ

ભારતના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં અમદાવાદ ખાતે વધુ એક ઐતિહાસિક અને અદભુત એન્જિનિયરિંગ સિદ્ધિ હાંસલ થઈ છે. સાબરમતી ખાતે અંતિમ અને સૌથી વજનદાર પોર્ટલ બીમના સફળ લોન્ચિંગ સાથે જ અમદાવાદ શહેરના હિસ્સામાં આવતા તમામ ૧૩ ભારે પોર્ટલ બીમ મૂકવાની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. નવાઈની વાત એ છે કે, અંદાજે ૧,૬૪૦ મેટ્રિક ટન વજન ધરાવતો આ વિશાળકાય બીમ ચાલુ રેલવે લાઈન ઉપર માત્ર ત્રણ જ કલાકના ટૂંકા ગાળામાં સુરક્ષિત રીતે લોન્ચ કરી દેવાયો હતો.

અમદાવાદમાં બુલેટ ટ્રેનનો ૧૮ કિલોમીટર લાંબો એલિવેટેડ વાયાડક્ટ (પુલ) હાલની વ્યસ્ત રેલવે લાઈનોની ઉપરથી પસાર થાય છે. આ પડકારજનક રેલવે ક્રોસિંગ માટે ખાસ ડિઝાઈન કરાયેલા ૧૩ ભારે પોર્ટલ બીમ તૈયાર કરવામાં આવ્યા હતા, જેનું લોન્ચિંગ હવે સો ટકા પૂરું થઈ ગયું છે.



સાબરમતી ખાતે મુકાયેલો આ છેલ્લો પ્રીકાસ્ટ-પ્રિસ્ટ્રેસ્ડ પોર્ટલ બીમ સમગ્ર પ્રોજેક્ટના સૌથી મોટા બીમ પૈકીનો એક છે. ૩૪.૫ મીટર લંબાઈ અને ૫.૫ મીટર \bm{\times} ૪.૫ મીટરનો ક્રોસ-સેક્શન ધરાવતા આ મહાકાય બીમને લોન્ચ કરવા માટે ૨,૨૦૦ મેટ્રિક ટનની પ્રચંડ ક્ષમતા ધરાવતી ખાસ ક્રોલર ક્રેનનો ઉપયોગ કરાયો હતો.

જગ્યાની ભારે મર્યાદા અને વ્યસ્ત રેલવે ટ્રેક હોવા છતાં, ભારતીય રેલવે સાથે પરફેક્ટ કો-ઓર્ડિનેશન રાખીને અત્યંત ઝીણવટભર્યું આયોજન કરાયું હતું. કડક સુરક્ષા ધોરણો વચ્ચે આ ઓપરેશન દરમિયાન રેલવેની ટ્રેન સેવાઓ એકપણ મિનિટ માટે ખોરવાઈ નહોતી અને ટ્રેનો અવિરત દોડતી રહી હતી. આ સફળતા ભારતના પ્રથમ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટની અદ્યતન ટેક્નોલોજી અને હાઈ-લેવલ મેનેજમેન્ટની સાબિતી આપે છે.

### ક્યાં કેટલા બીમ ગોઠવાયા?

- **મણિનગર**: મુંબઈ-અમદાવાદ મુખ્ય રેલવે લાઇન ઉપર ૦૫ પોર્ટલ બીમ
- **વટવા**: મુંબઈ-અમદાવાદ મુખ્ય રેલવે લાઇન ઉપર ૦૭ પોર્ટલ બીમ
- **સાબરમતી**: અમદાવાદ-દિલ્હી મુખ્ય રેલવે લાઇન ઉપર ૦૧ પોર્ટલ બીમ ૨,૨૦૦ ટનની ક્રેન વડે જટિલ ઓપરેશન પાર પડાયું

NHSRCL
National High Speed Rail Corporation Ltd.

**Gujarat Samachar, Vadodara, 11/07/2026**

Page No: 7, Size: 27.70cm × 34.10cm

### 1600 ton portal beam lifted onto railway track in Sabarmati in 3 hours

## અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી હેઠળ

# સાબરમતીમાં રેલવે ટ્રેક ઉપર ૩ કલાકમાં ૧૬૦૦ ટનનો પોર્ટલ બીમ ચડાવાયો

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ સાબરમતી ખાતે કાર્યરત રેલવે ટ્રેક ઉપર ૧૬૦૦ મેટ્રિક ટન વજનના પ્રીકાસ્ટ આરસીસી પોર્ટલ બીમનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું છે. ત્રણ કલાકના ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન આ કામગીરી



## માત્ર ત્રણ કલાકના ટ્રાફિક બ્લોકમાં કામગીરી પૂર્ણ કરી ટ્રેન વ્યવહાર ફરી સમયસર શરૂ કરાયો

પૂર્ણ કરી ટ્રેન વ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો હતો.

અમદાવાદ- મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ સાબરમતી વિસ્તારમાં આગળ વધી રહ્યું છે. આ અંતર્ગત કાર્યરત મુખ્ય રેલવે ટ્રેક ઉપર ૩૪.૫ મીટર લાંબા, ૫.૫ મીટર પહોળા અને ૪.૫ મીટર ઊંચા અને ૧૬૦૦ મેટ્રિક ટન વજન ધરાવતા પ્રીકાસ્ટ આરસીસી પોર્ટલ બીમનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી માટે અગાઉથી ત્રણ કલાકનો ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવ્યો હતો. ભારે વજન ધરાવતા પોર્ટલ બીમને ૨,૨૦૦ ટન ક્ષમતા ધરાવતી ક્રોલર ક્રેનની મદદથી નિર્ધારિત સ્થળે સ્થાપિત કરવામાં આવ્યો હતો. કામગીરી પૂર્ણ થયા બાદ ટ્રેક અને ઓવરહેડ ઈક્વિપમેન્ટનું જરૂરી પરીક્ષણ અને પુનઃસ્થાપન કરીને ટ્રેન વ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન કોઈ અકસ્માત નોંધાયો નહતો અને બ્લોક પૂર્ણ થતાં જ નિયમિત રેલવે સંચાલન યથાવત કરવામાં આવ્યું હતું.

Gujarat Samachar, Ahmedabad, 11/07/2026
Page No: 6, Size: 21.72cm × 23.10cm

# 1600 ton portal beam lifted onto railway track in Sabarmati in 3 hours

**અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનની કામગીરી હેઠળ**

## સાબરમતીમાં રેલવે ટ્રેક ઉપર ૩ કલાકમાં ૧૬૦૦ ટનનો પોર્ટલ બીમ ચડાવાયો

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ સાબરમતી ખાતે કાર્યરત રેલવે ટ્રેક ઉપર ૧૬૦૦ મેટ્રિક ટન વજનના પ્રીકાસ્ટ આરસીસી પોર્ટલ બીમનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું છે. ત્રણ કલાકના ટ્રાફિક અને પાવર બ્લોક દરમિયાન આ કામગીરી પૂર્ણ કરી ટ્રેન વ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો હતો.

## માત્ર ત્રણ કલાકના ટ્રાફિક બ્લોકમાં કામગીરી પૂર્ણ કરી ટ્રેન વ્યવહાર ફરી સમયસર શરૂ કરાયો

અમદાવાદ- મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ સાબરમતી વિસ્તારમાં આગળ વધી રહ્યું છે. આ અંતર્ગત કાર્યરત મુખ્ય રેલવે ટ્રેક ઉપર ૩૪.૫ મીટર લાંબા, ૫.૫ મીટર પહોળા અને ૪.૫ મીટર ઊંચા અને ૧૬૦૦ મેટ્રિક ટન વજન ધરાવતા પ્રીકાસ્ટ આરસીસી પોર્ટલ બીમનું પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી માટે અગાઉથી ત્રણ કલાકનો ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવ્યો હતો. ભારે વજન ધરાવતા પોર્ટલ બીમને ૨,૨૦૦ ટન ક્ષમતા ધરાવતી ક્રોલર ક્રેનની મદદથી નિર્ધારિત સ્થળે સ્થાપિત કરવામાં આવ્યો હતો. કામગીરી પૂર્ણ થયા બાદ ટ્રેક અને ઓવરહેડ ઈક્વિપમેન્ટનું જરૂરી પરીક્ષણ અને પુનઃસ્થાપન કરીને ટ્રેન વ્યવહાર ફરી શરૂ કરવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન કોઈ અકસ્માત નોંધાયો નહતો અને બ્લોક પૂર્ણ થતાં જ નિયમિત રેલવે સંચાલન યથાવત કરવામાં આવ્યું હતું.

**Challenger Daily, Bhavnagar, 11/07/2026**
Page No: 2, Size: 34.63cm × 17.30cm

# Launching of all 13 heavy portal beams in Ahmedabad for bullet train project completed

## પ્રોજેક્ટના નિર્માણમાં વધુ એક મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ સિદ્ધિ

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદમાં તમામ ૧૩ ભારે પોર્ટલ બીમનું લોન્ચિંગ પૂર્ણ

## સૌથી ભારે પોર્ટલ બીમ રેલવે લાઇન પર 3 કલાકમાં લોન્ચ કરાયો

ચેલેન્જર,અમદાવાદ

સાબરમતી ખાતે અંતિમ અને સૌથી ભારે પોર્ટલ બીમના સફળ લોન્ચિંગ સાથે, ગુજરાતના અમદાવાદમાં મુંબઈ–અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટેના તમામ ૧૩ ભારે પોર્ટલ બીમનું સફળતાપૂર્વક લોન્ચિંગ પૂર્ણ થયું છે. આ પ્રોજેક્ટના નિર્માણમાં વધુ એક મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ સિદ્ધિ છે.

અમદાવાદમાં ૧૮ કિલોમીટર લાંબો બુલેટ ટ્રેન વાયાડક્ટ હાલની વ્યસ્ત રેલવે લાઈનોને એલિવેટેડ સ્તરે પાર કરે છે. આ રેલવે ક્રોસિંગ માટે ખાસ કરીને ૧૩ ભારે પોર્ટલ બીમનું ડિઝાઈન અને સ્થાપન કરવામાં આવ્યું છે. જેમાં મણિનગર ખાતે મુંબઈ–અમદાવાદ મુખ્ય રેલવે લાઈન ઉપર ૫ પોર્ટલ બીમ, વટવા ખાતે મુંબઈ–અમદાવાદ મુખ્ય રેલવે લાઈન ઉપર ૭ પોર્ટલ બીમ, સાબરમતી ખાતે અમદાવાદ–દિલ્હી મુખ્ય રેલવે લાઈન ઉપર ૧ પોર્ટલ બીમ મુકવામાં આવ્યા છે.અંતિમ પ્રીકાસ્ટ-પ્રિસ્ટ્રેસ્ડ પોર્ટલ બીમનું વજન અંદાજે ૧,૬૪૦ મેટ્રિક ટન છે, જે અમદાવાદમાં લોન્ચ કરાયેલા તમામ ૧૩ પોર્ટલ બીમોમાં સૌથી ભારે પ્રીકાસ્ટ કોંક્રિટ પોર્ટલ બીમ છે. તેની લંબાઈ ૩૪.૫ મીટર છે અને તેનો ક્રોસ-સેક્શન ૫.૫ મીટર × ૪.૫ મીટર છે, જે તેને આ પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાયેલા સૌથી મોટા પ્રીકાસ્ટ પોર્ટલ બીમોમાંનો એક બનાવે છે. આ વિશાળ બીમનું લોન્ચિંગ કાર્ય માત્ર અંદાજે ત્રણ કલાકમાં સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.



NHSRCL
National High Speed Rail Corporation Ltd.

**Divya Bhaskar, Ahmedabad, 11/07/2026**

**Page No: 2, Size: 25.48cm × 22.46cm**

# Bullet Project: 1640 ton beam installed in 3 hours without stopping trains

## બુલેટ પ્રોજેક્ટ : ટ્રેનો રોક્યા વિના 3 કલાકમાં 1640 ટનનો બીમ મુકાયો



**અમદાવાદ** | સાબરમતીમાં મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ-દિલ્હી મુખ્ય રેલવે લાઈન પર સૌથી ભારે અને અંતિમ પોર્ટલ બીમ 2200 ટનની અત્યાધુનિક ક્રોલર ક્રેન વડે માત્ર 3 કલાકમાં મુકાયો હતો. આ સાથે શહેરમાં તમામ 13 ભારે પોર્ટલ બીમનું લોન્ચિંગ કામ પૂર્ણ કરાયું છે. અમદાવાદમાં 18 કિમી લાંબો વાયડક્ટ વ્યસ્ત રેલવે લાઈનો પરથી પસાર થાય છે, જેના માટે મણિનગરમાં 5, વટવામાં 7 અને સાબરમતીમાં 1 પોર્ટલ બીમ ડિઝાઈન કરાયા હતા. સાબરમતીમાં 1640 ટન વજનનો અને 34.5 મીટરનો અંતિમ બીમ ટ્રેનો રોક્યા વિના 3 કલાકમાં મુકાયો હતો. આ બીમની લંબાઈમાં 34.5 મીટર છે.